## ઋણ સ્વીકાર

આ ક્ષણે સૌ પ્રથમ હું, મને શાળાએ આંગળી પકડીને લઇ જનાર  માને યાદ કરું છું.ઘરની કપરી આર્થિક સ્થિતિ વચ્ચે પણ મને મારી ઇચ્છા મુજબ કૉલેજમાં મોકલનાર માનો અનહદ આભાર વ્યક્ત કરું છું કે જેના કારણે આજે હું  Ph.D જેવી ઉચ્ચ શિક્ષણની પદવી મેળવવા લાયક બન્યો છું. પ્રોફેસર ભરત મહેતા સાહેબનો પણ ખુબ ખુબ આભાર કે જેમણે મને આ અભ્યાસ માટે લાયક ગણ્યો. વિભાગના પૂર્વ અધ્યક્ષો પ્રોફેસર નીતાબેન ભગત,પ્રોફેસર દીપક રાવલ સાહેબનો પણ ખુબ આભાર વ્યક્ત કરું છું કે જેમને મને હંમેશા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરુ પાડયું છે.વિભાગના હાલના અધ્યક્ષ પ્રોફેસર પુંડલિક પવાર સાહેબનો પણ આભાર માનું છું કે જેઓએ મારાથી અજાણતા થયેલી ભૂલોને માફ કરી છે.એમ.એ.માં સાહિત્ય અને સંશોધનનું પેપર ભણાવતા અને વિદ્યાર્થીઓમાં સંશોધન રુચિ વધે એવા પ્રયત્નો કરનાર ડૉ.રાજેશ પંડયા સાહેબનો પણ આભાર વ્યક્ત કરું છુ. આ ઉપરાંત દલિત સાહિત્યના અભ્યાસુ પ્રોફેસર કાન્તિ માલસતર સાહેબનો પણ આભાર વ્યક્ત કરું છું તેમણે હંમેશા મારા સંશોધન વિષયથી સંબંધિત પુસ્તકો મેળવવામાં મદદ કરી છે.ડૉ.ભરત પંડયા સાહેબનો પણ આભાર માનું છું તેમણે પણ મને સંશોધન અભ્યાસમાં મદદ કરી છે.

ઘરથી નજીક જ એમ.એસ.યુનિવર્સિટી હતી.પરંતુ  અંગ્રેજીના ડરને કારણે ડભોઇ કૉલેજમાંથી બી.એનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો.ડભોઇમાં એમ.એનો અભ્યાસ બંધ થતાં નશીબજોગ એમ.એસ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં અભ્યાસ કરવાની તક મળી. અહી અભ્યાસનું અલગ જ વાતાવરણ હતું. પરીક્ષાલક્ષી તૈયાર સામગ્રીની સામે સંદર્ભગ્રથોથી ખચિત લાયબ્રેરી અને આવી લાયબ્રેરીના પુસ્તકો સુધી પહોચાડનારા અધ્યાપકો મળ્યા. પ્રથમ વર્ષ એમ.એ. નોકરી કરતા કરતા ભણ્યો સમય ન આપી શકવાને કારણે પરિણામ નબળું આવ્યું તેથી બીજું વર્ષ નિયમિત રીતે ભણવાનું નક્કી કર્યું.પ્રિય દોસ્ત વિજય,જ્યોર્જભાઇ,જ્યંતિભાઇ સાથે હંસામહેતા લાયબ્રેરીમાં જતો થયો.સંદર્ભ પુસ્તકો સાથે મેળાપ થયો.અધ્યાપક જે વિષય ભણાવી રહ્યાં હતા એ વિશે વધારે માહિતી જાણકારી મેળવતો થયો.રસ જાગ્યો.એમ.એ.પાર્ટ-બેમાં પ્રથમ વર્ગમાં પાસ થયો..આગળ હવે શું? તો નેટની તૈયારી. વિજય અને જ્યંતિ પ્રથમ પ્રયત્ને જ નેટ પાસ,હું નાપાસ.નિરાશ તો થયો પણ પાછો દમ લગાવ્યો મહેનત કરી બીજા પ્રયત્ને હું પણ પાસ.પણ તેથી શું ?જાણવા મળ્યુ કે JRF સાથે પાસ થાવ અને Ph.D માટે રજિસ્ટ્રેશન કરાવો તો ફેલોશિપ પણ મળે.ફરી પ્રયત્ન JRF માટે.સફળ થયો.S.C કેટેગરીમાં મને JRF મળી.ખુબ ખુબ આભાર ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનો. Ph.D માટે માર્ગદર્શકની શોધ કરવાની હતી.પ્રોફેસર ભરત મહેતા સાહેબ કે જેમનો સ્વભાવ હંમેશા આવકાર આપનારનો રહ્યો છે મારા જેવા ઘણાય વિદ્યાર્થીઓ કે જેમની પારિવારિક સમસ્યાઓને કારણે પોતાની જાતને સારી રીતે અભિવ્યક્ત પણ નથી કરી શક્તા અને સંકોચ અનુભવે છે એમને આગળ લાવવામાં તેમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે મને પણ તેનો મોકો મળ્યો.સર સાથે ઘણી વાતો થઇ. તેમને મને પીએચ.ડી માટે લખાયેલા શોધનિબંધો વાચવાનું સૂચન કર્યુ.ડો.કાન્તિ માલસતર દ્વારા લખાયેલ શોધનિબંધ ‘ગુજરાતી દલિત કથાસાહિત્ય’ વાચવા માટે આપ્યો.શોધનિબંધમાંથી પસાર થયો. કેટલાક પ્રશ્નો પણ થયા.મનમાં ગુંચવાળો પણ થયો.બધા પ્રશ્નોનું નિરાકરણ સર પાસેથી જ મળ્યું.ડો.રાજેશ પંડયા સાહેબ સાથે પણ વાત થઇ તેમણે મને સાહિત્ય સંશોધન અને વિવેચન સંદર્ભેના પુસ્તકો વાચવાનું સૂચન કર્યુ.વાચ્યા,સમજ વિકસિત

થઇ.વિષય પસંદગી માટેના કેટલાક સંકેતો પણ મળ્યા.અનુઆધુનિક ગુજરાતી સાહિત્યની વિવિધ ધારાઓમાં દલિત સાહિત્ય પોતાની આગવી છાપ છોડે છે.સાતમાં-આઠમાં દાયકામાં દલિત સાહિત્ય એવા નામકરણ સાથે દલિત સાહિત્ય લખાતું થયુ હતું.ગુજરાતી દલિત સાહિત્યમાં મારી રુચિ હોવાનું ભરત મહેતા સરને જણાવ્યું.તેમણે મને સર્જક દલપત ચૌહાણના સમગ્ર સાહિત્યનો સમીક્ષાત્મક અભ્યાસ વિષય સૂચવ્યો.સતત છ મહિના સુધી સર્જક દલપત ચૌહાણ દ્વારા લખાયેલા સાહિત્યમાંથી પસાર થયો અને નોંધ તૈયાર કરી.આખરે Ph.D માટે રજિસ્ટર થયો.સમગ્ર શોધનિબંધમાંથી પસાર થતા ઘણી જગ્યાએ અટક્યો છું. આ અટકણો સરના માર્ગદર્શને દૂર કરી છે. જીવનમાં આવેલી દુઃખની ક્ષણોએ પણ મને અટકાવ્યો છેવટે અટકતા અટકતા પણ શોધનિબંધ પૂરો કરી શક્યો છું એનો મને આનંદ છે.સાત વર્ષ જેટલો લાંબો સમય વિત્યા બાદ શોધનિબંધ જમા કરાવી રહ્યો છું. મને તક આપવા બદલ ગુજરાતી વિભાગનો અને પ્રોફેસર ભરત મહેતા સાહેબનો ફરી એકવાર આભાર વ્યક્ત કરું છું.

આ સમયે હું મારી સાથે સંશોધનનો અભ્યાસ કરતા મિત્રો કનુભાઇ, યોગેશભાઇ, પ્રકાશભાઇ, ગિરીશભાઇ,રાજેન્દ્રભાઇ,શુસીલાબેન,રાઘવભાઇ, દીપકભાઇ વગેરેનો પણ આભાર વ્યક્ત કરું છું.